# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી–૩૯૬૪૫૦

**તા.૦૪/૧૦/૨૦૧૯ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ડૉ.સી.જે.ડાંગરીયા, માન.કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને સરદાર સ્મૃતિ કેન્દ્ર, નકૃયુ, નવસારી ખાતે મળેલ વિભાગીય સંશોધન અને વિસ્તરણ અમલીકરણ સમિતી (ZREAC)ની ૩૦મી બેઠકની કાર્યવાહીની નોંધ.**

બેઠકની શરૂઆતમાં ડૉ.જી.આર.પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓને શાબ્દિક રીતે આવકારીને ZREACની પૃષ્ઠભૂમિકા, ઉપયોગિતા, તેને વધુ હેતૂલક્ષી અને અસરકારક બનાવવા માટે કરવામાં આવેલ ફેરફારો તેમ જ નવા ફોર્મેટ પ્રમાણે યોજાઈ રહેલ આ પ્રથમ બેઠકની કાર્યપધ્ધતિ અંગે ગૃહને વિસ્તૃત જાણકારી આપી. ડૉ. જી.બી.કાલરીયા, તાલીમ સહાયક (પા.સ.)એ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ.

મંચ ઉપર ઉપસ્થિત ડૉ.એસ.આર.ચૌધરી, સંશોધન નિયામકશ્રી; શ્રી એમ.કે.કુરેશી, સંયુકત ખેતી નિયામકશ્રી (વડોદરા) અને શ્રી એસ.એસ.ગાંવીત, સંયુકત બાગાયત નિયામકશ્રી (વડોદરા)એ તેઓશ્રીના પ્રાસંગિક ઉદ્દબોધનમાં યુનિવસિટીના સંશોધનો, ખેડૂતોની અપેક્ષાઓ અને સરકારશ્રીની યોજનાઓ અંગે ગૃહને માહિતીસભર જાણકારી આપી.

બેઠકના અધ્યક્ષસ્થાનેથી ડૉ. સી.જે. ડાંગરીયા, માન. કુલપતિશ્રીએ ઉપસ્થિત વૈજ્ઞાનિકોને તેઓના સંશોધનના આગામી તાંત્રિક કાર્યક્રમોમાં નવીન કૃષિ ટેકનોલોજી અંગે વિસ્તરણ કાર્યકર્તાઓના ફીડબેક ઉપરાંત ખેડૂતોના પ્રતિભાવો અને જરૂરિયાતોને ધ્યાને લેવા માટે ભારપૂર્વક અનુરોધ કર્યો. દક્ષિણ ગુજરાતમાં યુનિવર્સિટી અને સરકારશ્રીના વિવિધ ખાતાઓ વચ્ચે સ્થપાયેલ સતત સંપર્ક, મિત્રતાપૂર્ણ સંબધ અને પરસ્પર સહકારનો ઉલ્લેખ કરીને સાથે મળીને કામ કરવાની ભાવના (Convergence) અંગે ખુશી સાથે સંતોષની લાગણી વ્યકત કરી. તેઓશ્રીએ વર્તમાન સમયની માંગ અનુસાર પ્રાકૃતિક ખેતી, સજીવ ખેતી અને ઝીરો બજેટ ખેતી પર વૈજ્ઞાનિક અભિગમ સાથે સંશોધન કરવા, ગુણવત્તાસભર ઉત્પાદકતા સુનિશ્ચિત કરવા અને તેના આર્થિક પાસાઓનો અભ્યાસ કરવા સૂચન કર્યુ.

**૩૦.૧ : ZREACની ૨૮મી અને ૨૯મી બેઠકનો એકશન ટેકન રિપોર્ટ રજૂ કરવા બાબત...**

ડૉ. જી.બી.કાલરીયા, તાલીમ સહાયક (પા.સ.) દ્વારા ZREACની ૨૮મી અને ૨૯મી બેઠકનો એકશન ટેકન રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો, જેને ગૃહમાં સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો. હવે પછી સબંધિત વિભાગ/કચેરી દ્વારા એકશન ટેકનના મુદ્દાઓનો જવાબ વ્યવસ્થિત રીતે તૈયાર કરીને સમયમર્યાદામાં મોકલવામાં આવે તેવું નકકી કરવામાં આવ્યું.

**૩૦.૨ : વર્ષ ૨૦૧૯ દરમ્યાન બહાર પાડવામાં આવેલ નવિન જાતો અને ખેડૂતોપયોગી સંશોધન ભલામણો અંગે કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા પ્રેઝન્ટેશન કરવા બાબત...**

નવસારી કૃષિ યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા નીચે કોઠામાં જણાવ્યા મુજબ છેલ્લામાં છેલ્લી જાતો અને ખેડૂતોપયોગી સંશોધન ભલામણો અંગે સાદી અને સરળ ભાષામાં પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું, જે અંગે ખાતાના અધિકારીઓ અને ખેડૂતો દ્વારા ખુશી વ્યકત કરવામાં આવી અને ભવિષ્યમાં પણ આ પ્રણાલિ ચાલુ રહે તેવું સર્વાનુમતે ઠરાવ્યુ.

| અ.નં. | પ્રેઝન્ટેશનનો વિષય | પ્રેઝન્ટેશન કરનાર વૈજ્ઞાનિક |
|---|---|---|
| ૧ | ક્ષેત્રિય પાકોની જાતો | ડો. પથિક બી. પટેલ,<br>સહ સંશોધન વૈજ્ઞાનિક (ડાંગર) |
| ૨ | ક્ષેત્રિય પાકોની ખેડૂતોપયોગી સંશોધન ભલામણો | ડો. જે.ડી. થાનકી,<br>પ્રાધ્યાપક અને વડા (એગ્રોનોમી) |
| ૩ | બાગાયતી પાકોની જાતો | ડો. બી.એમ. ટંડેલ,<br>સહ પ્રાધ્યાપક (ફળ વિજ્ઞાન) |
| ૪ | બાગાયતી પાકોની ખેડૂતોપયોગી સંશોધન ભલામણો | ડો. બી.એમ. ટંડેલ,<br>સહ પ્રાધ્યાપક (ફળ વિજ્ઞાન) |
| ૫ | પશુપાલન સબંધી ખેડૂતોપયોગી સંશોધન ભલામણો | ડો.બી.પી.બ્રહ્મક્ષત્રી, પ્રાધ્યાપક,<br>(એની.જીને.એન્ડ બ્રીડીંગ) |

**૩૦.૩ : દક્ષિણ ગુજરાતના સાતેય જિલ્લાઓની કૃષિ, બાગાયત અને પશુપાલન સબંધી માહિતીના સંકલિત અહેવાલનું ખાતાના અધિકારીઓ દ્વારા પ્રેઝન્ટેશન બાબત...**

**૩૦.૩.૧ : કૃષિ ખાતાના અધિકારી દ્વારા કરવામાં આવેલ પ્રેઝન્ટેશન બાબત...**

શ્રી આર.એ. ગજેરા, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, નવસારી દ્વારા દક્ષિણ ગુજરાતના સાતેય જિલ્લાઓની નીચે દર્શાવેલ કૃષિ સબંધી ત્રણ મુદ્દાઓની માહિતી સંકલિત કરીને માહિતીસભર અહેવાલ નિયત પ્રફોર્મામાં તૈયાર કરીને બેઠકમાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા રજૂ કરવામાં આવ્યો.

(અ) જિલ્લાવાર વરસાદ, ક્ષેત્રિય પાકોનો વાવેતર વિસ્તાર અને ઉત્પાદકતા.

(બ) જિલ્લાવાર કૃષિ સબંધી પ્રશ્નો, નવિન ટેકનોલોજી અંગે ખેડૂતોના પ્રતિભાવો અને સંશોધનના મુદ્દાઓ.

(ક) સરકારશ્રીની કૃષિ સબંધી ખેડૂતોપયોગી યોજનાઓની વિગત.

ઉપરોકત મુદ્દાઓ પરત્વે ખાતાના અધિકારીઓ અને યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો વચ્ચે વિશદ ચર્ચા કરવામાં આવી અને ફીલ્ડમાં ઉપસ્થિત થતાં કૃષિને લગતાં પ્રશ્નોના નિરાકરણ માટે યુનિવર્સિટી દ્વારા લેવાતાં પગલાં અંગે કેટલાક સૂચનો સાથે સંતોષ વ્યકત કરવામાં આવ્યો.

**૩૦.૩.૨ : બાગાયત ખાતાના અધિકારી દ્વારા કરવામાં આવેલ પ્રેઝન્ટેશન બાબત...**

શ્રી ડી.કે. પડાલીયા, નાયબ બાગાયત નિયામકશ્રી, સુરત દ્વારા દક્ષિણ ગુજરાતના સાતેય જિલ્લાઓની નીચે દર્શાવેલ બાગાયતી ખેતી સબંધી ત્રણ મુદ્દાઓની માહિતી સંકલિત કરીને માહિતીસભર અહેવાલ નિયત પ્રફોર્મામાં તૈયાર કરીને બેઠકમાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા રજૂ કરવામાં આવ્યો.

(અ) જિલ્લાવાર બાગાયતી પાકોનો વાવેતર વિસ્તાર અને ઉત્પાદકતા/હે.

(બ) જિલ્લાવાર બાગાયતી ખેતી સબંધી પ્રશ્નો, નવિન ટેકનોલોજી અંગે ખેડૂતોના પ્રતિભાવો અને સંશોધનના મુદ્દાઓ.

(ક) સરકારશ્રીની બાગાયત સબંધી ખેડૂતોપયોગી યોજનાઓની વિગત.

ઉપરોકત મુદ્દાઓ ઉપરાંત નવા બાગાયતી પાકોની શકયતાઓ અંગે ખાતાના અધિકારીઓ અને યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો વચ્ચે વિશદ ચર્ચા–વિચારણા કરવામાં આવી. બાગાયતી પાકોમાં ફીલ્ડમાં ઉપસ્થિત થયેલ પ્રશ્નોના નિરાકરણ માટે યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.

**૩૦.૩.૩ : પશુપાલન ખાતાના અધિકારી દ્વારા કરવામાં આવેલ પ્રેઝન્ટેશન બાબત...**

ડૉ. એમ.જી. પ્રજાપતિ, નાયબ પશુપાલન નિયામકશ્રી, નવસારી દ્વારા દક્ષિણ ગુજરાતના સાતેય જિલ્લાઓની નીચે દર્શાવેલ પશુપાલન ખેતી સબંધી ત્રણ મુદ્દાઓની માહિતી સંકલિત કરીને માહિતીસભર અહેવાલ નિયત પ્રફોર્મામાં તૈયાર કરીને બેઠકમાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા રજૂ કરવામાં આવ્યો.

(અ) જિલ્લાવાર પશુધનની સંખ્યા અને મુખ્ય રોગોનું પ્રવર્તન.

(બ) જિલ્લાવાર પશુપાલન સબંધી પ્રશ્નો, પશુપાલકોના પ્રતિભાવો અને સંશોધનના મુદ્દાઓ.

(ક) સરકારશ્રીની પશુપાલન સબંધી ખેડૂતોપયોગી યોજનાઓની વિગત.

ઉપરોકત પશુપાલન સબંધી મુદ્દાઓ પરત્વે ખાતાના અધિકારીઓ અને વેટરીનરી કોલજના નિષ્ણાંત વૈજ્ઞાનિકો વચ્ચે ઉંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી અને પશુપાલકોના પ્રશ્નો અંગે જરૂરી તાંત્રિક માહિતીનું આદાન–પ્રદાન કરવામાં આવ્યું.

**૩૦.૪ : કૃષિ વિજ્ઞાન કેન્દ્રો દ્વારા ખેડૂતોના પ્રતિભાવો અને સંશોધનના મુદ્દાઓ અંગે પ્રેઝન્ટેશન કરવા બાબત...**

દક્ષિણ ગુજરાતના સાતેય જિલ્લાઓના કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના વડાઓ દ્વારા નીચે કોઠામાં દર્શાવ્યા મુજબ ત્રણ મુદ્દાઓ હેઠળ નિદર્શનોનોના પરિણામો, ખેતી સબંધી પ્રશ્નો, ફીડબેક, સંશોધનના મુદ્દાઓ અને આગામી આયોજન વિષયક પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું.

(અ) અગ્ર હરોળના નિદર્શનોની પરિસ્થિતી, પરિણામો, ફીડબેક અને આગામી આયોજન.

(બ) ઓન ફાર્મ ટ્રાયલ્સની પરિસ્થિતી, પરિણામો, ફીડબેક અને આગામી આયોજન.

(ક) ખેતી સબંધી પ્રશ્નો, નવિન ટેકનોલોજી અંગે ખેડૂતોના પ્રતિભાવો અને સંશોધનના મુદ્દાઓ.

ઉપરોકત મુદ્દાઓ અંગે કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના વડાઓ, ખાતાના અધિકારીઓ અને યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો વચ્ચે ઉડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર FLD અને દરેક નવિન ટેકનોલોજી અંગે માર્ગદર્શનની જરૂર ઉભી થાય તો તુરત જ સબંધિત કૃષિ વૈજ્ઞાનિક/વિભાગનો સંપર્ક કરવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું. દક્ષિણ ગુજરાતમાં ખેડૂતોપયોગી પ્રવૃત્તિઓની સફળતા માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, આત્મા અને ખાતાના અધિકારીઓ વચ્ચે સ્થપાયેલ ખુબ જ ઘનિષ્ઠ સંપર્કો અને સહકાર અંગે નોંધ લઈને સંતોષ વ્યકત કરવામાં આવ્યો.

**૩૦.૫ : ખેડૂત પ્રતિનિધિઓ દ્વારા ખેડૂતોપયોગી ભલામણો અંગે ફીડબેક અને કૃષિ વિષયક પ્રશ્નોની મૌખિક રજૂઆત બાબત...**

દક્ષિણ ગુજરાતના સાતેય જિલ્લાઓમાંથી જિલ્લા દીઠ એક લેખે કુલ ૭ પ્રગતિશીલ ખેડૂતોએ બેઠકમાં ભાગ લીધો હતો, જેઓએ ફીલ્ડમાં મુંઝવતા પ્રશ્નો અને નવિન ટેકનોલોજી અંગેના પ્રતિભાવોની સરળ ભાષામાં રજૂઆત કરીને કૃષિ વૈજ્ઞાનિકોનું માર્ગદર્શન મેળવેલ હતું તથા યુનિવર્સિટી દ્વારા આયોજીત થતી નિદાન ટીમની કામગીરીની સરાહના કરી હતી.

(૩૦.૫.૧) શ્રી પંકજભાઈ બી. પટેલે ભરૂચ જિલ્લામાં પાપડીની GNIB-21 અને GNIB-22 જાતો ખુબ જ સારી માલુમ પડેલ છે તેમ જણાવ્યું.

(૩૦.૫.૨) ડાંગ જિલ્લાના વતની શ્રી જયેશભાઈ કે. મોકાશી પોતાના ગામ મું.ભવાડી, તા.વઘઈ ખાતે સફેદ મુસળીની સફળતાપૂર્વક ખેતી કરે છે. તેઓશ્રીએ આ પાકના અર્થકરણ સાથે માર્કેટીંગ અંગે પોતાના અનુભવો હાઉસમાં જણાવીને દક્ષિણ ગુજરાતમાં સફેદ મુશળીની ખેતીમાં રસ ધરાવતા ખેડૂતો માટે મો.નં. ૯૪૨૬૭૪૦૧૫૬ ઉપર સંપર્ક કરવા જણાવ્યું.

(૩૦.૫.૩) તાપી જિલ્લાના વતની શ્રી રાકેશભાઈ ગાવીત વૈજ્ઞાનિક ઢબે પશુપાલન કરે છે. તેઓશ્રીએ નફાકારક પશુપાલન સબંધી પોતાના અનુભવો અંગે હાઉસને જાણકારી આપી. વધુમાં તેઓએ ઉપસ્થિત ખેડૂતો/પશુપાલકોને પશુઓને નિયમિત મીનરલ મિક્ષ્ચર આપીને અને ડીવોર્મીંગ કરીને નફાકારક પશુપાલન કરી શકાય તેમ જણાવ્યું.

(૩૦.૫.૪) તમામ ખેડૂત વકતાઓએ કૃષિ વિકાસ માટે રાજય સરકારશ્રીના વિવિધ ખાતાઓ, યુનિવર્સિટી અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રો દ્વારા હાથ ધરવામાં આવતી ખેડૂતોપયોગી પ્રવૃત્તિઓના ફાયદાઓ અંગે જાણકારી આપી સંતોષ વ્યકત કયો.

**૩૦.૬ : પ્રેઝન્ટેશન અને ચર્ચા દરમ્યાન અધ્યક્ષ સ્થાનેથી થયેલ સૂચનાનુસાર લેવાના થતાં પગલાં (Action points) બાબત...**

| મુદ્દા નં. | લેવાના થતાં પગલાં (Action points) | પગલાં લેનાર વિભાગ |
|---|---|---|
| ૩૦.૬.૧ | કેળના પાકમાં આવતા સુકારા રોગના વ્યવસ્થાપન માટે સાહિત્ય તૈયાર કરવું. | વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, નમકૃમ, નકૃયુ, નવસારી |
| ૩૦.૬.૨ | નવસારી કૃષિ યુનિવર્સિટી પાસે ઉપલબ્ધ બિયારણની માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ પર મુકવા સાથે જિલ્લા ખેતીવાડી અધિકારીઓ અને આત્માના અધિકારીઓને પત્ર/ઈ–મેઈલથી પણ જાણ કરવી. | નોડલ ઓફિસર, મેગા સીડ પ્રોજેકટ, નકૃયુ, નવસારી |
| ૩૦.૬.૩ | ચોમાસા બાદ ચીકુના પાકમાં આવતા સુકારા રોગના વ્યવસ્થાપન માટે ખેડૂતલક્ષી સાહિત્ય તૈયાર કરવું. | બાગાયત રોગશાસ્ત્ર વિભાગ, બાગાયત કોલેજ, નકૃયુ, નવસારી |
| ૩૦.૬.૪ | આંબાના પાકમાં વહેલાસર મોર લાવવા તેમજ ફળના જવણ અને ખરણની સમસ્યા માટે ખેડૂતલક્ષી સાહિત્ય તૈયાર કરવું. | ફળ વિજ્ઞાન વિભાગ, બાગાયત કોલેજ, નકૃયુ, નવસારી |
| ૩૦.૬.૫ | સુરત અને તાપી જીલ્લાના ખેડૂતોમાં ડાંગરની જાત GNR-6 નો પ્રચાર–પ્રસાર કરવો. | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, સુરત અને વ્યારા |
| ૩૦.૬.૬ | કૃષિ વિજ્ઞાન કેન્દ્રોએ પોતાની ક્ષેત્રિય કામગીરી દરમ્યાન જે તે જિલ્લામાં મકાઈની પૂંછડે ચાર ટપકા વાળી ઈયળ (FAW) અને કપાસની ગુલાબી ઈયળ અંગે ખેડૂતોને જાણકારી આપવી, સર્વેક્ષણ કરવું તથા જીવાત વ્યવસ્થાપનની કામગીરી કરવી. | (૧) કીટકશાસ્ત્ર વિભાગ,નમકૃમ, નકૃયુ, નવસારી<br>(૨) મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, નકૃયુ, સુરત<br>(૩) દક્ષિણ ગુજરાતમાં આવેલ તમામ સાત કૃષિ વિજ્ઞાન કેન્દ્રો |
| ૩૦.૬.૭ | કૃષિ વિજ્ઞાન કેન્દ્રોએ તમામ કેવીકેએ પોતાનો અહેવાલ નક્કી થયેલ પ્રફોર્મામાં જ રજુ કરવાનો રહેશે. | દક્ષિણ ગુજરાતમાં આવેલ તમામ સાત કૃષિ વિજ્ઞાન કેન્દ્રો |
| ૩૦.૬.૮ | કૃષિ વિજ્ઞાન કેન્દ્રોએ પોતાના કાર્યક્ષેત્રના જિલ્લામાં ખેડૂતોના સહકારથી સજીવ ખેતી, કુદરતી ખેતી અને વૈદિક ખેતી અંગે ખેડૂતો દ્વારા અપનાવવામાં આવતી પધ્ધતિઓ (practices) નો અભ્યાસ કરવો અને આવા ખેડૂતોના અનુભવો હાઉસમાં લાવવા તથા અન્ય ખેડૂતોને જણાવવા. | દક્ષિણ ગુજરાતમાં આવેલ તમામ સાત કૃષિ વિજ્ઞાન કેન્દ્રો |
| ૩૦.૬.૯ | APEDA/GOPCAમાં રજીસ્ટર્ડ થયેલ સજીવ ખેતી કરતા ખેડૂતોની યાદી બાગાયત કોલેજ, નવસારી અને વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીમાં ઉપલબ્ધ કરાવવી. | સંયુકત ખેતી નિયામકશ્રી, સુરત અને વડોદરા |
| ૩૦.૬.૧૦ | વિદ્યાર્થીઓના અભ્યાસ અર્થે તથા ખેડૂતોની જાણકારી માટે દક્ષિણ ગુજરાતમાં રક્ષિત ખેતી કરતા ખેડૂતોની યાદી બાગાયત કોલેજ, નવસારી અને વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીમાં ઉપલબ્ધ કરાવવી. | સંયુકત બાગાયત નિયામકશ્રી, વડોદરા |

અન્ય કોઈ મુદ્દા ચર્ચવાના બાકી ન રહેતા બેઠકના અધ્યક્ષશ્રીની સૂચનાનુસાર બેઠકમાં હાજર રહેલ તમામ સભ્યશ્રીઓનો આભાર માનીને બેઠકની કાર્યવાહી પૂર્ણ થયેલ જાહેર કરી.

જા.નં. નકૃયુ/વિશિનિ/ડી–૧/વેબ–૪૧/૨૦૧૯
નવસારી તા.૧૩/૧૧/૨૦૧૯

(જી.આર.પટેલ)
વિસ્તરણ શિક્ષણ નિયામક
નકૃયુ, નવસારી

**નોંધ : ઉપરોકત કાર્યનોંધ માન.કુલપતિશ્રીની મંજૂરી લઈને પરિપત્રિત કરવામાં આવે છે.**

**<u>સવિનય રવાના પ્રતિ</u> :**

૧. મા.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
૨. સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નકૃયુ, નવસારી
૩. ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજય, કૃષિભવન, સેકટર–૧૦ એ, ગાંધીનગર
૪. બાગાયત નિયામકશ્રી, ગુજરાત રાજય, કૃષિભવન, સેકટર–૧૦ એ, ગાંધીનગર
૫. પશુપાલન નિયામકશ્રી, કૃષિભવન, સેકટર–૧૦ એ, ગાંધીનગર
૬. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ
૭. સંયુકત ખેતી નિયામકશ્રી, ઓલપાડી મહોલ્લો, અઠવા લાઈન્સ, લાલબંગલા પાસે, સુરત
૮. સંયુકત ખેતી નિયામકશ્રી, મોડેલ ફાર્મ, એલેમ્બીક રોડ, વડોદરા
૯. સંયુકત બાગાયત નિયામકશ્રી, કોઠી કચેરી કમ્પાઉન્ડ, રાવપુરા, વડોદરા
૧૦. વિભાગીય સંયુકત પશુપાલન નિયામકશ્રી, પંડયા બ્રીજ, એલેમ્બીક રોડ, વડોદરા

**<u>જયભારત સહ રવાના પ્રતિ</u> :**

૧. પરિશિષ્ટ–૧માં દર્શાવેલ તમામ સભ્યશ્રીઓ તરફ જાણ થવા સારું.
૨. યુનિવર્સિટી હેઠળની તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓ તરફ જાણ તથા ઘટતું થવા સારું.

–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–

# પરિશિષ્ટ–૧

## વિભાગીય સંશોધન અને વિસ્તરણ અમલીકરણ સમિતીના સભ્યોની યાદી

### (૧) નવસારી કૃષિ યુનિવર્સિટીના અધિકારીઓ/કૃષિ વૈજ્ઞાનિકોઃ

| | |
|---|---|
| ▶ | **નકૃયુના સંશોધન કેન્દ્રો** |
| ૧. | સંશોધન નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| ૨. | સહ સંશોધન નિયામકશ્રી (એગ્રી), ન.કૃ.યુ., નવસારી |
| ૩. | સહ સંશોધન નિયામકશ્રી (વેટેનરી), ન.કૃ.યુ., નવસારી |
| ૪. | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન), વોટર મેનેજમેન્ટ પ્રોજેકટ, ન.કૃ.યુ., નવસારી |
| ૫. | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય ડાંગર સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી |
| ૬. | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જમીન વિજ્ઞાન), ન.કૃ.યુ., નવસારી |
| ૭. | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (શેરડી), વિભાગીય શેરડી સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી |
| ૮. | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (બાગાયત), પ્રાદેશીક બાગાયત સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી |
| ૯. | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (એલ.પી.એમ.), પશુ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી |
| ૧૦. | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કઠોળ  સંશોધન યોજના, ન.કૃ.યુ., નવસારી |
| ૧૧. | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મેગા સીડ પ્રોજેકટ, ન.કૃ.યુ., નવસારી |
| ૧૨. | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી પ્રોજેકટ, ન.કૃ.યુ., નવસારી |
| ૧૩. | ઈ/ચા ફૂડ કવોલીટી ટેસ્ટીંગ લેબોરેટરી, ન.કૃ.યુ., નવસારી |
| ૧૪. | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી (કૃષિ વન), હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., વઘઈ, જી. ડાંગ |
| ૧૫. | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, નાઈઝર સંશોધન  સંશોધન કેન્દ્ર ન.કૃ.યુ., વણારસી, તા.વાંસદા, જી.નવસારી |
| ૧૬. | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., વ્યારા–૩૯૪ ૬૫૦, જી. સુરત |
| ૧૭. | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (બાગાયત), કૃષિ પ્રયોગિક કેન્દ્ર, ન.કૃ.યુ., પરીયા, તા. પારડી, જી. વલસાડ |
| ૧૮. | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, ફળ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., ગણદેવી–૩૯૬૩૬૦, જી. નવસારી |
| ૧૯. | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (કપાસ), મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., અઠવા લાઈન્સ, સુરત |
| ૨૦. | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જુવાર), મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., અઠવા લાઈન્સ, સુરત |
| ▶ | **ન.મ. કૃષિ મહાવિદ્યાલય** |
| ૨૧. | આચાર્યશ્રી,  ન.મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી |
| ૨૨. | પ્રાધ્યાપકશ્રી, સસ્ય વિજ્ઞાન વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી |
| ૨૩. | પ્રાધ્યાપકશ્રી, કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી |
| ૨૪. | પ્રાધ્યાપકશ્રી, વનસ્પતી રોગશાસ્ત્ર વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી |
| ૨૫. | પ્રાધ્યાપકશ્રી, કિટકશાસ્ત્ર વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી |
| ૨૬. | પ્રાધ્યાપકશ્રી, પ્લાંન્ટ બ્રીડીંગ એન્ડ જીનેટીકસ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી |
| ૨૭. | પ્રાધ્યાપકશ્રી, કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી |
| ૨૮. | પ્રાધ્યાપકશ્રી, વિસ્તરણ શિક્ષણ વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી |
| ૨૯. | પ્રાધ્યાપકશ્રી, કૃષિ ઈજનેરી વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી |
| ૩૦. | પ્રાધ્યાપક  અને વડાશ્રી (આંકડાશાસ્ત્ર), ન.મ.કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી |
| ▶ | **અસ્પી બાગાયત મહાવિદ્યાલય** |
| ૩૧. | ડીનશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી |
| ૩૨. | પ્રાધ્યાપકશ્રી (પોમોલોજી), અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી |
| ૩૩. | પ્રાધ્યાપકશ્રી (ફલોરીકલ્ચર), અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી |
| ૩૪. | પ્રાધ્યાપકશ્રી (વેજીટેબલ), અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી |
| ૩૫. | પ્રાધ્યાપકશ્રી (કેમેસ્ટ્રી, ઓર્ગેનીક ફાર્મ), અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી |
| ૩૬. | સહ પ્રાધ્યાપકશ્રી અને વડા, પી.એચ.ટી. વિભાગ, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી |
| ▶ | **અસ્પી વનીય મહાવિદ્યાલય, નવસારી** |
| ૩૭. | આચાર્યશ્રી,  ફોરેસ્ટ્રી કોલેજ, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી |
| ૩૮ | પ્રાધ્યાપકશ્રી (એન.આર.એમ.), અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી |
| ૩૯ | પ્રાધ્યાપકશ્રી (ફોરેસ્ટ બાયોલોજી એન્ડ ટ્રી ઈમ્પ્રુવમેન્ટ), અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી |
| ૪૦ | પ્રાધ્યાપકશ્રી (સીલ્વીકલ્ચર એન્ડ એગ્રોફોરેસ્ટ્રી), અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી |
| ૪૧ | પ્રાધ્યાપકશ્રી (ફોરેસ્ટ પ્રોડકટ યુટીલાઈઝેશન), અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી |

| | |
|---|---|
| ▶ | **વેટરીનરી કોલેજ** |
| ૪૨. | ડીનશ્રી, પશુ ચિકિત્સા–વ–પશુ પાલન મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી |
| ૪૩. | પ્રાધ્યાપકશ્રી (વેટેનરી પેથોલોજી) પશુ ચિકિત્સા–વ–પશુ પાલન મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી |
| ૪૪. | પ્રાધ્યાપકશ્રી (એ.જી.બી.) પશુ ચિકિત્સા–વ–પશુ પાલન મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી |
| ૪૫. | પ્રાધ્યાપકશ્રી (ગાયનેકોલોજી) પશુ ચિકિત્સા–વ–પશુ પાલન મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી |
| ૪૬. | પ્રાધ્યાપકશ્રી (લાઈવસ્ટોક પ્રોડકશન મેનેજમેન્ટ), પશુ ચિકિત્સા–વ–પશુ પાલન મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી |
| ૪૭. | પ્રાધ્યાપકશ્રી (એનીમલ ન્યુટ્રિશન), પશુ ચિકિત્સા–વ–પશુ પાલન મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી |
| ૪૮. | પ્રાધ્યાપકશ્રી (વેટરનરી માઈક્રોબાયોલોજી), પશુ ચિકિત્સા–વ–પશુ પાલન મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી |
| ૪૯. | પ્રાધ્યાપકશ્રી (વેટરનરી સર્જરી), પશુ ચિકિત્સા–વ–પશુ પાલન મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી |
| ૫૦. | નોડલ ઓફીશર અને સહ પ્રાધ્યાપક( ફીશરીઝ) પશુ ચિકિત્સા–વ–પશુ પાલન મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી |
| ▶ | **એગ્રી બીઝનેસ મેનેજમેન્ટ** |
| ૫૧. | ડીનશ્રી, એગ્રી. બિઝનેસ મેનેજમેન્ટ કોલેજ, ન.કૃ.યુ., નવસારી |
| ૫૨. | સહ પ્રાધ્યાપકશ્રી (માર્કેટીંગ), એગ્રી. બિઝનેસ મેનેજમેન્ટ કોલેજ, ન.કૃ.યુ., નવસારી |
| ▶ | **નવસારી કેન્દ્ર બહારની કોલેજો** |
| ૫૩. | ડીનશ્રી, એગ્રીકલ્ચર કોલેજ, ન.કૃ.યુ., વઘઈ, જિ. ડાંગ |
| ૫૪. | આચાર્યશ્રી, એગ્રીકલ્ચર કોલેજ, ન.કૃ.યુ., ભરૂચ, જિ. ભરૂચ. |
| ૫૫. | ડીનશ્રી, કૃષિ ઈજનેરી કોલેજ, ન.કૃ.યુ., પારસી ટેકરા, ડેડીયાપાડા, જિ.નર્મદા. |
| ૫૬. | ડીનશ્રી, ગુજરાત એગ્રીકલ્ચર બાયોટેકનોલોજી ઈન્સ્ટીટયુટ, ન.કૃ.યુ., અઠવા ફાર્મ, સુરત. |
| ▶ | **કૃષિ વિજ્ઞાન કેન્દ્રો (ન.કૃ.યુ.)** |
| ૫૭. | વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| ૫૮. | વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વ્યારા–૩૯૪ ૬૫૦, જી. તાપી |
| ૫૯. | વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઈ–૩૯૪ ૭૩૦, જી. ડાંગ |
| ૬૦. | વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, ડેડીયાપાડા, જી. નર્મદા |
| ૬૧. | વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ઘોડદોડ રોડ, અઠવા ફાર્મ, અઠવા લાઈન, સુરત, જિ. સુરત |
| ૬૨. | દરેક કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાંથી એક–એક વૈજ્ઞાનિકશ્રી( વિષય નિષ્ણાંત) |

## (૨) કૃષિ સંલગ્ન ખાતાઓના અધિકારીઓ/એન.જી.ઓ./ખેડૂત પ્રતિનિધિઓ/અન્ય

| | |
|---|---|
| ▶ | **કૃષિ વિભાગ** |
| ૧. | ખેતી નિયામકશ્રી, ખેતી નિયામકશ્રીની કચેરી, કૃષિ ભવન, સેકટર : ૧૦/એ, ગાંધીનગર |
| ૨. | સંયુકત ખેતી નિયામકશ્રી, ઓલપાડી મહોલ્લો, અઠવા લાઈન્સ, લાલબંગલા પાસે, સુરત |
| ૩. | સંયુકત ખેતી નિયામકશ્રી, મોડેલ ફાર્મ, એલેમ્બીક રોડ, વડોદરા |
| ૪. | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી (ખેતીવાડી શાખા), નવસારી |
| ૫. | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી (ખેતીવાડી શાખા), સુરત |
| ૬. | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી (ખેતીવાડી શાખા), વલસાડ |
| ૭. | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી (ખેતીવાડી શાખા), આહવા, જી. ડાંગ |
| ૮. | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી (ખેતીવાડી શાખા), ભરૂચ |
| ૯. | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી (ખેતીવાડી શાખા), રાજપીપળા, જિ. નર્મદા |
| ૧૦. | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી (ખેતીવાડી શાખા), વ્યારા, જિ. તાપી, પીન–૩૯૪૬૫૦ |
| ૧૧. | નાયબ ખેતી નિયામકશ્રી (તાલીમ), ખેડૂત તાલીમ કેન્દ્ર, દાંડી રોડ, નવસારી |
| ૧૨. | નાયબ ખેતી નિયામકશ્રી (તાલીમ), ખેડૂત તાલીમ કેન્દ્ર, વ્યારા, જી. તાપી |
| ૧૩. | નાયબ ખેતી નિયામકશ્રી( તાલીમ), ખેડૂત તાલીમ કેન્દ્ર, પારડી, તા.પારડી. જિ. વલસાડ. |
| ૧૪. | નાયબ ખેતી નિયામકશ્રી( તાલીમ), ખેડૂત તાલીમ કેન્દ્ર, ભરૂચ, જિ. ભરૂચ |
| ૧૫. | નાયબ ખેતી નિયામકશ્રી( તાલીમ), ખેડૂત તાલીમ કેન્દ્ર, ડાંગ, આહવા, જિ. ડાંગ |
| ૧૬. | નાયબ ખેતી નિયામકશ્રી( તાલીમ), ખેડૂત તાલીમ કેન્દ્ર, બારડોલી, જિ. સુરત. |
| ૧૭. | નાયબ ખેતી નિયામકશ્રી( તાલીમ), ખેડૂત તાલીમ કેન્દ્ર, રાજપીપળા, જિ. નર્મદા |
| ૧૮. | Deputy Director of Agriculture (Department of Agriculture), Dadra & Nagar Haveli, U.T., Silvassa |
| ▶ | **બાગાયત વિભાગ** |
| ૧૯. | બાગાયત નિયામકશ્રી, ગુજરાત રાજય, કૃષિ ભવન, બી–બ્લોક, પહેલો માળ, સેકટર : ૧૦/એ, ગાંધીનગર |
| ૨૦. | સંયુકત બાગાયત નિયામકશ્રી, રાવપુરા પોલીસ ચોકીની પાછળ, કોઠી કચેરી કમ્પાઉન્ડ, રાવપુરા, વડોદરા–૧ |
| ૨૧. | નાયબ બાગાયત નિયામકશ્રી, જીલ્લા ટ્રેઝરી કચેરીની બાજુમા, ટાવર પાસે, મોટા બઝાર, નવસારી |
| ૨૨. | નાયબ બાગાયત નિયામકશ્રી, નીરા ભુવન, કલ્યાણ બાગ સામે, મોરારજી દેસાઈ ચોક, સ્ટેશન રોડ, વલસાડ |

| | |
|---|---|
| ૨૩. | મદદનીશ બાગાયત નિયામકશ્રી, આયુર્વેદિક ફાર્મસીની બાજુમાં, સ્વરાજ આશ્રમ રોડ, આહવા, જી. ડાંગ |
| ૨૪. | નાયબ બાગાયત નિયામકશ્રી, બાગાયત ભવન, ઓલપાડી મહોલ્લો, અઠવા લાઈન્સ, સુરત |
| ૨૫. | નાયબ બાગાયત નિયામકશ્રી, સોન તલાવડી, ગુજરાત ગેસ કંપની સામે, ભરૂચ |
| ૨૬. | નાયબ બાગાયત નિયામકશ્રી, સેવા સદન સંકુલમાં, કલેકટર સંકુલ, રાજપીપળા, જી. નર્મદા |
| ૨૭. | નાયબ બાગાયત નિયામકશ્રી, વ્યારા, જિ. તાપી. |
| ▶ | **પશુપાલન વિભાગ** |
| ૨૮. | પશુપાલન નિયામકશ્રી, કૃષિભવન,ત્રીજો માળ, સેકટર–૧૦–અ, ચ–રોડ,સચિવાલય,ગાંધીનગર–૩૮૨૦૧૦ |
| ૨૯. | વિભાગીય સંયુકત પશુપાલન નિયામકશ્રી, પંડયા બ્રીજ, એલેમ્બીક રોડ, વડોદરા–૨ |
| ૩૦. | નાયબ પશુપાલન નિયામકશ્રી, જીલ્લા પંચાયત, નવસારી |
| ૩૧. | નાયબ પશુપાલન નિયામકશ્રી, જીલ્લા પંચાયત, ધરમપુર રોડ, વલસાડ |
| ૩૨. | નાયબ પશુપાલન નિયામકશ્રી, જીલ્લા પંચાયત, આહવા, જી. ડાંગ |
| ૩૩. | નાયબ પશુપાલન નિયામકશ્રી, જીલ્લા પંચાયત, સુરત |
| ૩૪. | નાયબ પશુપાલન નિયામકશ્રી, જીલ્લા પંચાયત, ભરૂચ |
| ૩૫. | નાયબ પશુપાલન નિયામકશ્રી, જીલ્લા પંચાયત, રાજપીપળા, જિ. નર્મદા |
| ૩૬. | નાયબ પશુપાલન નિયામકશ્રી, જીલ્લા પંચાયત, જિ. તાપી, વ્યારા –૩૯૪ ૬૫૦ |
| ▶ | **આત્મા પ્રોજેકટ** |
| ૩૭. | સ્ટેટ નોડલ ઓફિસર અને નિયામકશ્રી, સમેટી, આત્મા નિર્દેશાલય અને સમેટી, પી–૭, એમ ફલોર, કૃષિભવન, સેકટર ૧૦– એ, ગાંધનગર – ૩૮૨ ૦૧૦ |
| ▶ | **ફોરેસ્ટ / ફીશરીઝ / ઈરીગેશન વિભાગ** |
| ૩૮. | ડીવીઝનલ ફોરેસ્ટ ઓફીસરશ્રી, ઉત્તર/દક્ષિણ વિભાગ, બહુમાળી ભવન, વલસાડ |
| ૩૯. | ડીવીઝનલ ફોરેસ્ટ ઓફીસરશ્રી, ઉત્તર/દક્ષિણ વિભાગ, આહવા, જી. ડાંગ |
| ૪૦. | ડિસ્ટ્રીકટ ફોરેસ્ટ ઓફીસરશ્રી, સામાજીક વનિકરણ, બહુમાળી મકાન, જુનાથાણા, નવસારી |
| ૪૧ | કાર્યપાલક ઈજનેરશ્રી, દમણ ગંગા પ્રોજેકટ, ઈરીગેશન ડીપાર્ટમેન્ટ, વલસાડ |
| ૪૨. | કાર્યપાલક ઈજનેરશ્રી, અંબીકા ડિવીઝન, લુન્સીકુઈ, નવસારી–૩૯૬૪૪૫ |
| ૪૩. | જીલ્લા ફીશરીઝ ઓફીસરશ્રી, સી.બી. હાઈસ્કૂલની બાજુમા, ધરમપુર રોડ, વલસાડ |
| ▶ | **બીજ નિગમ** |
| ૪૪. | બ્રાંચ મેનેજરશ્રી, ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડ, સહકાર ભવન, બસ સ્ટેશન, વ્યારા, જિ. તાપી |
| ▶ | **આઈ.સી.એ.આર. ઈન્સ્ટીટયુટ(ICAR Institute)** |
| ૪૫. | Joint Director, Central Salinity Research Institute, Regional Research Station, Maktampur, Bharuch |
| ▶ | **દૂધ ડેરી** |
| ૪૬. | મેનેજીંગ ડીરેકટરશ્રી, સુમુલ ડેરી, રેલ્વે સ્ટેશન નજીક, સુરત–૩૯૫ ૦૦૮ |
| ૪૭ | મેનેજીંગ ડીરેકટરશ્રી, વસુધારા ડેરી, તા. ચીખલી, જિ. નવસારી, મુ. આલીપોર |
| ૪૮ | મેનેજીંગ ડીરેકટરશ્રી, દૂધ ધારા ડેરી, નેશનલ હાઈવે નં. ૮, પો. બો. નં. ૨૯, જય પાર્ટી પ્લોટ પાસે, ભરૂચ |
| ▶ | **એન.જી.ઓ.** |
| ૪૯ | ડાયરેકટરશ્રી, બાયફ (BAIF), વૃંદાવન, લાછકડી, તા. વાંસદા |
| ૫૦ | પ્રોગ્રામ કોર્ડીનેટર, જીવન તીર્થ, ગાંધીચોક, તા. વાલીયા, જિ. ભરૂચ |
| ૫૧ | પ્રોગ્રામ ડાયરેકટરશ્રી, લોકસેવા ટ્રસ્ટ, આદિજાતિ વિકાસ અને તાલીમ કેન્દ્ર, મુ.પો. મોટી ભમતી, તા.વાંસદા |
| ▶ | **નકૃયુ બહારના કૃષિ વિજ્ઞાન કેન્દ્રો** |
| ૫૨ | વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી, વાયા : મોટાપોંઢા, તા. ધરમપુર, જી. વલસાડ |
| ૫૩ | વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, તા. નેત્રંગ, જિ. ભરૂચ, મુપો. ચાસવડ |
| ▶ | **ખેડૂત પ્રતિનિધિ** |
| ૫૪ | દક્ષિણ ગુજરાતના સાતેય જિલ્લાઓમાંથી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પસંદ કરાયેલ એક–એક ખેડૂત પ્રતિનિધિ |
| ▶ | **અન્ય કૃષિ યુનિવર્સિટીઓ** |
| ૫૫ | સંશોધન નિયામકશ્રી, કૃષિ યુનિવર્સિટી, આણંદ/ જુનાગઢ/સરદાર કૃષિનગર |
| ૫૬ | વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, કૃષિ યુનિવર્સિટી, આણંદ/ જુનાગઢ/સરદાર કૃષિનગર |

નવસારી

તા. ૧૩/૧૧/૨૦૧૯

વિસ્તરણ શિક્ષણ નિયામક